# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

શોધ તારી કરું પ્રભુ, મળતો નથી તું હવે,
રોજ ફરુ મંદિર પ્રભુ, જડતો નથી તું હવે.

શાંત બેસી તું હવે જોયા કરે, હું શું કરુ.
વેશ પલટો પણ કરી ફરતો નથી, તું હવે.

તીર્થ ધામો હું ફરી, થાકી ગયો છું હવે,
ચારધામે શોધુ, સમજાતો નથી તું હવે.

વાત મારી ખાનગી, તું સાંભળે છે કયાં,
આવુ જ્યારે હું પ્રભુ, જોતો નથી તું હવે.

મન હવે છે મારુ મૃદુલ, નામ જપતું નથી,
યાદ પણ તો તું મને, કરતો નથી તું હવે.

મૃદુલ શુકલ (મૃદુલ મન)

## પાથેય

# હે પ્રભુ..!

- રમેશ ઠક્કર

જે લોકો ઈશ્વર કે કોઈ અદ્રશ્ય શક્તિમાં અખૂટ વિશ્વાસ ધરાવે છે, એમની આસ્થા અને જીવનરસ મને ગમે છે..એ લોકો લીલાછમ રહી શકે છે..એમના જીવનમાં મહત્વના પ્રસંગોએ એમની હૂંડી શામળિયો સ્વીકારી લેતો હોય છે..સીધી લીટીમાં ના સમજાય કે ડહાપણથી ના માપી શકાય એવું ઘણું બધું એ લોકો અનુભવતા હોય છે..એમની એ અનુભૂતિ પણ ખોટી નથી હોતી..૫૦ ડિગ્રી તાપમાનવાળા વિસ્તારમાં પણ કેટલાક જીવો શ્વસે છે..ત્યાં પણ અમુક પ્રકારની વનરાજી કે તાજી કુંપળો પ્રગટતી રહે છે..શૂન્ય ડિગ્રીના શીતાગારમાં પણ જીવંત ચહલપહલ જોઈ શકાય છે..એક જીવ માટે જે ખોરાક ઝેર હોય એ બીજા જીવ માટે જીવવાનું સાધન હોય છે..તમે કડવો લીમડો આરોગતા ઉંટ કે ધતુરાનાં ડૂંડવાંને મજેદાર રીતે ખાતી બકરીને જોઈ હશે..ઘેરઘેર ફરી વાસી ખોરાક ખાતાં ગરીબ બાળકોને ફૂડ પોઈઝનીંગ થતું નથી..ફાઈવસ્ટાર હોટલમાં મોંઘીદાટ વાનગી આરોગનાર બિમાર પણ પડે છે..મૃત્યુ પામ્યાના દાખલા પણ છે..આ અચરજ કોને આભારી છે..?

સામાપક્ષે તર્ક કે બુધ્ધિ એ પણ એટલી જ મહત્વની બાબતો છે..બિમાર પડીએ તો દવા જ સારૂં કરી શકે..જગત ચોકકસ પ્રકારના વૈજ્ઞાનિક સત્યો ઉપર જ ચાલે છે..હમણાં એક વકતાએ બહુ સરસ વાત કરી હતી કે શંકરાચાર્ય કે વિવેકાનંદજેવી પ્રચંડ પ્રતિભાઓ ઘણી નાની ઉંમરે મૃત્યુ પામ્યા.. જો એ વખતે આજના જેવી તબીબી સારવાર હોત તો એ અવશ્ય લાંબુ જીવ્યા હોત..શિતળાથી મોતને ભેટનાર લોકોને કોઈ પ્રાર્થના કે ઉપાસના ઉગારી શકતાં નહીં. પણ એડવર્ડ જેનર નામના વૈજ્ઞાનિકે જે રસી શોધી એણે આ રોગને નાબૂદ કર્યો..

સ્વામી સચ્ચિદાનંદ પોતાના અનુભવની વાત લખતાં કહે છે કે "બાય પાસ સર્જરી કરાવ્યા પછી હું બે દાયકા કરતાં વધારે સમયથી જીવી રહયો છું. જો આ સગવડ ના હોત તો હું ક્યારનોય આ દુનિયા છોડી ગયો હોત...આધ્યાત્મનો કોઈ શ્લોક કે સાધના મારા આયુષ્યની એક ક્ષણ પણ વધારે શકયાં ના હોત.." વિજ્ઞાન અને બુધ્ધિ જીવનને વાસ્તવિક રીતે જુએ છે..એમાં વિશ્વાસ ધરાવનારને આપણે નાસ્તિક કહીએ છીએ...ચાર્વાક નામના વિદ્વાન આના પ્રણેતા ગણી શકાય..આપણી સંસ્કૃતિ ચાર્વાકને પણ ઋષી માને છે..!

કોઈક અદ્રશ્ય શકિત આપણા ઉપર નિયંત્રણ ધરાવે છે એ તો બુધ્ધિથી પણ અનુભવી શકાય છે..પરંતુ માણસ કેવળ ભાગ્યના ભરોંસે જીવી શકતો નથી..ગરમ વસ્તુ દઝાડે જ..ઝેરી ચીજો મોતનું કારણ બને..જીવવાનું ચાલકબળ બુધ્ધિ કે હુન્નર જ હોઈ શકે એ હકિકત છે. છતાં કોઈકની નિર્વ્યાજ લાગણી ,પ્રેમ, સુષુપ્ત શકિતઓ, મધુર કંઠ..સંગીતની સુરાવલિઓ...વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ બુધ્ધિથી પર છે..રહસ્યમય છે..નેવું વરસનાં મારાં બા નામે બબીમા જિંદગીમાં અનેક અભાવો અને પારાવાર ગરીબીમાં જીવ્યાં છે..જગતની વૈભવી કહેવાય એવી કોઈ સુખસાહયબી એમણે જોઈ નથી..આમછતાં આટલી ઉંમરે એ સંપૂર્ણ તંદુરસ્ત છે..બ્લડપ્રેશર કે સુગર જેવી કોઈ બિમારી નથી. યાદશકિત અકબંધ છે. જે મળે એ બધાને આશીર્વાદ આપે છે. સહુનું ભલું ઈચ્છે છે..પારાવાર દુઃખો વચ્ચે પણ એમની આ હકારાત્મકતા મને ચમત્કાર જ લાગે છે...!

જગત અચરજોથી ભરપુર છે..શ્રધ્ધા અને બુધ્ધિના સંગમ ઉપર વસવું મને ગમે છે..માણસે કોઈપણ અંતિમ ઉપરના જતાં મઝદારમાં વિહરવું જોઈએ..આસ્તિકતા મને અજવાળે છે તો નાસ્તિકતા પણ નિખાર આપી જતી હોય છે..!

# દિલ તો કચ્ચા હૈ જી !



રઝળપાટ
અજય ઉપાધ્યાય

બે મિત્રો થિયેટરમાં એય ને મજાથી ફિલ્મ જોઈ રહ્યા હતા અને અચાનક એક ને છાતીમાં દુખાવો થયો અને બીજા લોકો કાઇ વિચારે એ પહેલા તો હાર્ટ એટેક.. મધ્યપ્રદેશના ભીડમાં એક ૧૨ વર્ષનો બાળક શાળામાં લંચ લીધા પછી ઘરે પાછા જવા સ્કૂલબસમાં બેઠો.. ચક્કર.. દુખાવો અને હાર્ટ એટેક.. કેસ ખલ્લાસ..!!! મેરઠમા એક સગીર છોકરાને આવી છીંક અને છીંકની સાથે જ આવ્યો હાર્ટ એટેક.. એમ. પી. ના જ સીવનીમાં સંબંધીના લગ્નપ્રસંગમાં નાચતી મહિલા અચાનક જ પડી ગઈ.. હાર્ટએટેક અને ખુશીના પ્રસંગમાં છવાય ગયો માતમ..!! સોશિયલ મીડિયા પર એક વધુ ભયાનક વિડીયો વાયરલ થઈ રહ્યો છે કે લગ્નપ્રસંગમાં એક વ્યક્તિ વરરાજાને મહેંદી લગાવી રહ્યો છે અને અચાનક ઢળી પડે છે.. વિડિયોમાં જોઈ શકાય છે કે માત્ર ૨-૫ સેકન્ડ પહેલા હસતાં હસતાં મહેંદી લગાવવા આવેલો એ વ્યક્તિ અચાનક નિશ્ચેતન થઈ જાય છે.. શોકીંગ..!!! હૈદ્રાબાદના એક વિડિયોમાં બેડમિંગટન રમતો માણસ કોર્ટ પર જ ઢળી પડે છે.. તો હમણાં જ રાજકોટ અને અમદાવાદ માં પણ ક્રિકેટના ચાલુ મેચ દરમ્યાન એટેક આવીને ખેલાડી ઢળી પડયાના વિડીયો પણ સામે આવ્યા છે..!! જિમમાં વર્કઆઉટ કરતાં કરતાં ઢળી પડતાં લોકો.. ચા ની કીટલી પર ચા બનાવતા બનાવતા એટેક આવતા લોકો.. એમ જ બેઠા બેઠા ઢળી પડતાં લોકો.. ઊભા ઊભા એટેકથી પડી જઈને સ્વર્ગે સીધાવતા લોકો.. અચાનક જ સોશિયલ મીડિયા ડર લાગે એવા વિડિયોથી અને વર્તમાનપત્રો આવા અણધાર્યા એટેકના સમાચારોથી છલકાઈ રહ્યા છે..!!!

હાર્ટએટેક કોઈ નવી વાત તો નથી જ પણ જે રીતે છેલ્લા થોડા સમયમાં હાર્ટ એટેકના બનાવો વધી રહ્યા છે એ સામાન્ય લોકોમાં અને મેડિકલ જગતમાં ચોક્કસથી ચિંતા જન્માવનાર અને વિચારતા કરી મૂકનાર છે તો ખરા જ અને એમાં પણ વધુ ચિંતાજનક છે જે ઉમરના લોકો આજકાલ હાર્ટએટેકના શિકાર બની રહ્યા છે એ. ડાયાબિટીસ કે હાર્ટએટેક જેવા રોગો સામાન્યપણે મોટી ઉમરના લોકોમાં હોય એવું આપણે માનીએ છીએ પણ ઉપર લખ્યા એવા સેંકડો બનાવોમાં હાર્ટએટેકથી મરનારની ઉમર ૨૪ થી ૪૦ વર્ષ વચ્ચેની છે અને મધ્યપ્રદેશના બનાવ મુજબ તો બાળકો પણ આના શિકાર બની રહ્યા છે. ભારતમાં છેલ્લા બે મહિનામાં હાર્ટએટેકથી મરનારની સંખ્યામાં લગભગ ૨૦% ની વૃધ્ધિ થઈ છે. ઈન્દોરમાં એક સર્વે કરવામાં આવ્યો કે જેમાં જાણવા મળ્યું કે ૧૮ વર્ષથી ઉપરના લગભગ ૪૮% યુવાનોમાં કોઈ ને કોઈ ભયંકર બીમારી જોવા મળી. એક લાખ લોકો પર કરેલ સર્વેમાં લગભગ ૪૮૦૦૦ જેટલા લોકો કોલેસ્ટ્રોલ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, કિડની પ્રોબ્લેમ જેવી બીમારીથી ગ્રસ્ત જોવા મળ્યા અને આ જ બીમારીઓ આગળ જઈને હાર્ટ એટેકની નિમિત બનવાની શક્યતાઓ રહેલી હોય છે.

સોશિયલ મીડિયા પર અચાનક આવતા હાર્ટએટેકના વિડિયોની સાથે સાથે એ વાત પણ જોર પકડી રહી છે કે કોરોનાની વેકસસીન અને કોરોના ખુદ પણ આના માટે જવાબદાર છે. સોશિયલ મીડિયા પર તો મેસેજ ફરે જ છે કે જો તમે કોરોના વેક્સિન લીધી હોય તો હૃદય નબળું પાડવાના ચાન્સીસ વધુ છે અને એના ઉપાય તરીકે લસણની ચાર કળી કાચી રોજ ગળી જવી. જો કે આ તો કોરોના વખતે ફૂટી નીકળેલા અનેકો તુક્કાઓમાંનો એક જ છે પણ આ કદાચ એક કારણ પણ હોય શકે એ એટલા માટે માનવું પડે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) ના પૂર્વ ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથને કહ્યુ છે કે ભારતમાં હાર્ટ એટેકના વધતા કેસનું કારણ કોરોના સંક્રમણ પણ હોઈ શકે છે. સૌમ્યાનું માનવું છે કે કોવિડ સંક્રમણના કારણે હાર્ટ એટેક, ડાયાબિટીસ અને સ્ટ્રોકનું જોખમ વધી ગયુ છે. જો કે આ એક માત્ર શક્યતા છે હજુ સુધી આવું માનવાનું કોઈ કારણ સામે આવ્યું નથી. જો કે એ હકીકત છે કે કોરોનાનું સંક્રમણ હાર્ટ અને ફેફસામાં વધુ ફેલાય છે અને એને લીધે હાર્ટ નબળું પડી જાય છે અને ઇમ્યુન સિસ્ટમ પણ વીક બને છે જેથી કાર્ડિયાક એરેસ્ટનું જોખમ વધી જાય છે. અમુક સંશોધાનોમાં એ પણ સાબિત થયું છે કે કોરોના પછીથી ડાયાબિટીસના દર્દીઓ પણ વધ્યા છે અને એવું જ કઈક હાર્ટના દર્દીઓ માટે પણ કહી શકાય. કોરોના પછી, હૃદય સંબંધિત રોગોનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયું છે કારણ કે કોવિડ-૧૯ વાયરસને કારણે રક્ત વાહિનીઓમાં લોહીના ગંઠાવાનું શરૂ થઈ ગયું છે. તેના કારણે હૃદય સંબંધિત રોગોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. જોકે નિષ્ણાતો એ વાતને તદ્દન નકારે છે કે, કોવિડ વેક્સીન લેવાને કારણે હાર્ટ એટેક કે હૃદયના દર્દીની સંખ્યામાં વધારો થયો છે, આ વાત માત્ર અફવા છે.

કોરોનાની શક્યતાને બાજુમાં મૂકી દઈને વિચારીએ તો હકીકત એ છે કે આજકાલની જિંદગી કે લાઈફ સ્ટાઈલ હાર્ટ એટેકને વેલકમ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. મેડિકલ જગત પણ કહે છે કે તમે ગમે એટલા ફિટ હોવ તો પણ જો તમે તનાવમાં છો.. ચિંતામાં છો કે પછી તમારી જીવનશૈલી અને ખાનપાન યોગ્ય નથી તો તમે હાર્ટએટેકના શિકાર બની શકો છો. હમણાં જ એક્ટ્રેસ સુસ્મિતાસેનને એટેક આવ્યો. સુપર ફિટ હોવા છતાં આવેલો એટેક એ વાતની ચાડી ખાય છે કે શરીર ભલે ફિટ હતું પણ હાર્ટ અને એને જોડતી સિસ્ટમો કે જેમાં માનસિક શાંતિ અગત્યની છે એનો અભાવ હતો. સ્વાસ્થ્યનો અર્થ માત્ર શારીરિક રીતે ફિટ રહેવું નથી, પરંતુ તમારે માનસિક તણાવથી પણ મુક્ત રહેવું જરૂરી છે. હાર્ટ એટેકના વધતાં બનાવો અને ખાસ તો આટલી નાની ઉમરના લોકોને શિકાર બનતા જોઈને ડોક્ટરો પણ એ વાત પર જોર આપે છે કે ખાનપાન અને જીવનશૈલી યોગ્ય રાખો. આ પહેલા કોમેડિયન રાજૂ શ્રીવાસ્તવને જિમમાં જ એટેક આવેલો અને ઢળી પડેલો. અભિનેતા સિધ્ધાર્થ જીમમાંથી આવ્યા પછી ઘરે સૂતા પછી ઊભો નહોતો થઈ શકેલો. સાઉથના સુપરસ્ટાર એક્ટર પુનિત રાજકુમાર પણ જિમમાં જ ઢળી પડેલા. આ બધા સુપર ફિટ હતા પણ ઉપર ઉપરથી અંદરથી એમનું શરીર એક્સ્ટ્રા લોડ લેવા સક્ષમ નહોતું. અચાનક રમતગમતના મેદાનમાં ઉતરવાથી કે જિમમાં એક્સ્ટ્રા લોડ લેવાથી શરીર પર વધુ પડતું દબાણ આવે છે અને જેને લીધે થાક, શ્વાસ લેવામાં તકલીફ અને ઓક્સિજનની ઊણપ થઈ શકે છે. જે હાર્ટ એટેક અથવા અચાનક કાર્ડિયાક મૃત્યુનું જોખમ વધારી શકે છે. જિમમાં કે રમતગમતમાં કે પછી પ્રસંગોમાં નાચવા-કુદવામાં સંયમ રાખવો જરૂરી છે કેમકે જે વસ્તુ તમે રેગ્યુલર કરતાં નથી એના દબાણનો ભાર તમારું હાર્ટ ઝીલી નહીં શકે અને આવા સંજોગોમાં એ કોલપ્સ થઈ જવાનું એ નક્કી છે. બોડી એક લેવલ પર સ્ટ્રેસ સહન કરવા ટેવાયેલી હોય છે અને અચાનક બોડી પર સ્ટ્રેસ વધી જાય છે. બ્લડ સપ્લાય રોકાય જાય છે તેના કારણે હાર્ટ એટેક આવી શકે છે.

ઉપાય શું તો પછી ? યોગ, પ્રાણાયામ કરવા જોઈએ. જિંદગીમાં નિયમિતતા લાવવી, ટાઈમસર સુઈ જવું અને ટાઈમસર ઉઠવું, થોડી હળવી એક્સરસાઇઝ કરવી, ઓછામાં આછું પ્રોસેસ ફૂડ ખાવું, ઘરનું રાંધેલું ગરમ તાજી વસ્તુ ખાવી, સ્ટ્રેસ ઓછું લેવાની ટેવ પાડવી, રેગ્યુલર મેડિકલ તપાસ કરાવતી રહેવી.. જેના કારણે હાર્ટ એટેકને સ્ટોપ કરી શકો છો. બેચેની થાય, સતત પરસેવો વળે, મન અશાંત રહે અને ચક્કર આવે, બન્ને હાથમાં દુખાવો જેવા લક્ષણો દેખાય કે ડોક્ટરની સલાહ લેવી હિતાવહ છે. આદુંના ટુકડા ચાવવા કે લસણની કળીઓ ગળી જવી એક ઉપાય ગણો તો પણ હાર્ટ એટેકનો એ ઈલાજ નથી જ એ યાદ રાખજો. સો વાતની એક વાત કે બહુ ઉધામાં — ઠેકડા મારવા નહીં કેમકે ડોકટરો ભલે જે કહે એ પણ કોરોના પછીથી આપણું શરીર ચોક્કસપણે નબળું પડ્યું જ છે અને એનો અનુભવ મને ને તમને બધાને થાય જ છે એટલે દિલ તો બચ્ચા હૈ ની બદલે દીલને ' કચ્ચા ' સમજીને જીવશો તો વાંધો નહીં જ આવે..!!!

(akurjt@gmail.com)

# ગાય, કવિ અને ગેરસમજ



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

દરેક પ્રજાને પોતાનો ફાલતું સમય કેવી રીતે પસાર કરવો એનું જ્ઞાન હોય છે અને મઝા એ વાતની છે કે આ વાતની ખબર કવિઓને, ફિલ્મ બનાવનારા અને બીજા અનેકોને હોતી નથી. આ અજ્ઞાનને કારણે કવિઓ ઉપકારભાવથી કવિતાઓ લખતા હોય છે. ક્યારેક તો પ્રજા અને કવિઓને એક સાથે જીવદયાનો એટેક આવી જાય ત્યારે કવિસંમેલનો પણ યોજાતાં હોય છે. આવા કવિસંમેલનોમાં પ્રજા માત્ર પોતાની કાવ્ય પ્રીતિ અભિવ્યક્ત કરવા માટે હજારથી માંડીને દસ-બારની સંખ્યામાં હાજરી આપે છે તેવી માન્યતાને લીધે કવિઓ વધારે કવિતાઓ લખે છે.

કવિઓ જગત વિશે, ચંદ્ર વિશે અને આખી પ્રકૃતિ વિશે લખતાંલખતાં થાકી જાય ત્યારે પોતાના વિશે પણ લખતા હોય છે. આ કારણે જનસામાન્યના સામાન્યજ્ઞાનમાં વૃધ્ધિ થતી હોય છે. ઉ.ત. ચઉદાહરણ તરીકે આપણા મહાન કવિ કલાપીએ 'પાસે જેવી ચરતી હતી તે ગાય તેવો જ હું છું' આવી પંક્તિ લખીને એકવીસમી સદીમાં ઠીક ઠીક હલચલ પેદા કરી છે. આ પંક્તિની અમે ચર્ચા છેડી ત્યારે તરત જ કવિશત્રુ છગન બોલી ઉઠ્યો, 'કવિઓ આટલી સહેલાઈથી પોતાને ગાય જેવા નિર્દોષ કે પવિત્ર જાહેર ના કરવા જોઇએ.' બીજા બધા પોતાને દરરોજ નિર્દોષ જાહેર કરે છે એટલા માટે કવિઓએ પણ બોલવું નહી તે લોજિક વિશે આજે સમાજમાં ભારે ચર્ચા જામી છે. ખરેખર તો કવિઓ સંભળાવી દેવાની બ્રાન્ચમાં કાર્યરત હોવાથી એમનો હક્ક બને છે કે પ્રજામાં એમના વિશે ગેરસમજ વધે અથવા અટકે એ વિશે બોલ્યા કરવું. જો કે 'યાદી ભરી ત્યાં આપની' એવી ગર્જના કરનાર કવિની આ પંક્તિઓ વિશે સમાજમાં ગેરસમજ ફેલાય નહીં તેવા યુગધર્મ બજાવવાની અને કવિઓની 'ગ્રીસની ઇકોનોમી'ની ઝડપે ગિરાવટ પામતા સન્માનાંકને બચાવી લેવા આ લેખ લખવા પ્રેરાયા છીએ.

છગને કવિઓએ પોતાને ગાય જેવા પવિત્ર અને નિર્દોષ જાહેર ન કરવા જોઇએ એવું સાંભળતાની સાથે જ આપણા સેક્યુલરિષ્ટ મિત્રોએ પોતાનો વાંધો લીધો કે કવિઓને ગાયની જેમ પવિત્ર કહેવાથી હિન્દુ ધર્મનો પ્રચાર થાય તેમ છે તેથી છગન નામના શખ્શે દેશની માફી માંગવી જોઇએ. જો કે કવિઓ અને ગાયો વચ્ચે મહત્ત્વનો તફાવત એમના પોતાને મળતા પુરસ્કાર તરફની તત્વદ્રષ્ટિનો છે. કવિઓ લોકો પોતાને સાવ બીજા ગ્રહના માણસ ના ગણાઇ જવાય એટલા ખાતર પણ પોતાને મળેલા પુરસ્કાર પ્રત્યે પ્રત્યેક પ્રસંગે અસંતોષ વ્યક્ત કરતા રહે છે. મને એક કવિએ 'નોસ્ટ્રાડોમ'ની અદાથી ચંદ્રકાન્ત બક્ષીના અબે વિધાન અને મહેનત તરફ ધ્યાન દોરેલું કે 'મારે ગુજરાતી સાહિત્યકારને મર્સિડીઝ'માં જોવો છે.' અમે પણ બક્ષીસાહેબને જે તે સમયે સાહિત્યકારોને વ્યાજબી સ્વપ્નાઓ આવે એ માટે તેમના વિધાનમાં સમારકામ કરવા જણાવ્યું હતું. ગાયોની વિશેષતા એ છે કે પુરસ્કારની સામા છેડાની એમની સમજણને કારણે સમાજ આજે પણ ગમે ત્યાં એમનું પુરૂ કરે છે. મોટાભાગે દાન આપનારને શરમ ના આવે એટલા માટે એમના માલિકો પણ સંતાયેલા રહે છે કારણ કે ગૌસેવાના પવિત્રયજ્ઞામાં જોડાયેલા સ્ત્રીપુરુષોને ગાયોના માલિકોની શારીરિક કે આર્થિક સ્વસ્થતા વિશે ખ્યાલ આવી જાય તો સેવામાંથી પવિત્રતાની સુવાસ ઉડી જાય. આમ દાન કરનાર અને દાન લેનાર ગાયના માધ્યમથી જે રીતે ગુપ્તવાસ ભોગવે છે તે સારા સમયની નિશાની છે. કવિઓના કિસ્સામાં આ બાબતમાં ભારે અકસ્માતો સર્જાયા છે. કવિઓને દાન આપવા માટે સમાજ ગુપ્તતાના અતિરેકને કારણે હોલ સુધી આવવાની પણ તકલીફ લેતી નથી. આના કારણે કવિઓ હવે ટીવી, છાપા કે સોશિયલ મીડિયા જેવા પરોક્ષ માધ્યમોથી પ્રજામાં પવિત્રતા ફેલાવી રહ્યા છે.

એક બીજા ચિંતક મિત્રે કવિઓને ગાય સાથે સરખાવીને કવિઓ ટ્રાફિક હેઝાર્ડ છે તેવું સાબિત કરી આપ્યું છે. આધુનિક યુગમાં ગાયોએ તમામ "જીપીએસ"ના પ્રોટોકોલ અવગણીને રસ્તાઓનો કબજો લીધો છે તે જોતાં કવિઓએ માર્કેટીંગની બાબતમાં ગાય પાસેથી પ્રેરણા લેવા જેવી છે. જોકે કવિઓની એક વીર 'ઉપજાતિ' છે તે લોકો ગમે ત્યાં ગમે તેવા સમયે કવિતા રજુ કરવાની હિંમત ધરાવતા હોઈ કલાપીની આ સરખામણી તેમની કવિતાને કાલજયી બનાવે છે. બીજા એક મિત્ર એ સંચાલક કવિઓને કૃષ્ણ સાથે સરખાવવાનો પ્રયત્ન કર્યો કે તરત જ કવિ સહજ ઇર્ષ્યાથી બીજા કવિ બોલી ઉઠ્યા કે 'સંચાલકને કૃષ્ણ એટલા માટે ના કહેવાય કારણ કે ગાયોએ કૃષ્ણની જેમ 'ગીતા' રજુ કરવાની નથી હોતી.' ખાલી સંચાલકના ડચકારાની સામ્યતાને કારણે આ વિવાદમાં ક?ષ્ણને ઢસડી લાવવા જેવા નથી. ગાયોનું મૌન એમને પવિત્રતા બક્ષે છે તેવું સત્ય બીજા મિત્રએ ઉચ્ચાર્યું ત્યારે વાત થાળે પડી.

જો કે કલાપીએ 'તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો' એવી જે પૂર્વઘટનાનો ઉલ્લેખ કર્યો છે તેમાં પંખી એ ગુજરાતનો ભોળો કવિતાશ્રોતા છે એવો ખુલાસો થતાં મામલો શાંત પડ્યો હતો. કલાપી જે જમાનામાં જીવ્યા હતા તે જમાનામાં ગાયો અને કવિઓની ભારે પ્રતિષ્ઠા હતી, રોડનેટવર્ક આટલું સારુ નહોતું અને પ્લાસ્ટિકની આટલી બધી કોથળીઓ રખડતી ન હતી તેમ છતાં આજે પણ કવિ કલાપીને યાદ કરી દાદ આપવી જોઇએ કે એમણે મહાન સરખામણી કરી છે. પોતાના સહધર્મા કવિ-રાજાની આ પંક્તિઓ સાચી પડે તે માટે આજે અનેક કવિઓ ભારે મહેનતથી રસ્તે રસ્તે ચાલતાં કવિતાઓ રજુ કરે છે, તો સામે પક્ષે ગાયો પણ પ્રજાને એમની પ્લાસ્ટીકપ્રીતિ છોડાવવા પોતાના જઠરને જોખમમાં મૂકે છે. કવિઓની જેમ સમૂહમાં ફરે છે, ગમે ત્યાંથી, ગમે તેટલા ટ્રાફિકમાં પોતાની ગતિથી હાજરી પુરાવે છે. આમ પોતાના એક પૂર્વસૂરિની ઉક્તિઓને સાર્થક કરવા કવિઓએ આપેલા બલિદાનોની જેમ ગાયોએ જે પરિશ્રમ કર્યો છે તેને સદીઓ સુધી લોકો યાદ રાખશે. કુળવાન તે આનું નામ !

# વસંતના વધામણાં ને અલખના હરખ...!!



પમરાટ
મિત્તલ પટેલ

કેટલીક વાર જીવનમાં અતિશયોક્તિના લેવલ પર પાનખરની અનુભૂતિ પછી, વસંતનાં વૈભવની અનુભૂતિ થાય ને ત્યારે જીવનની શ્રેષ્ઠતમ ક્ષણો માંથી એક હોય એવી અલખસમ ક્ષણ ભાસે. વસંતને જો સ્થૂળ સ્વરૂપ હોત, તો તે માયામય જ હોત.હર ક્ષણે અર્થ બદલતું, હર ક્ષણે ભાવ બદલતું, તત્ક્ષણ પ્રસન્નતાની ચેરાપુંજી અને આગળ પાછળની ક્ષણોમાં અજીર્ણતા માત્ર. કદાચ તત્ક્ષણ જીવવું, વર્તમાન ક્ષણોમાં લાઇવ જીવવું તેને જ વસંત કહેવાતું હશે. "વસંત" શબ્દ બોલતા જ ભીતર કંઈક ખીલતું અનુભવાય, કંઈક મનને ભાવતું વ્યંજન રંધાતું અનુભવાય, કંઈક ખુલ્લા દિલનો આવકાર અનુભવાય, એ જ શબ્દભાવનો ઉચ્ચતમ મહિમા છે.

પ્રકૃતિ જાણે ઈશ્વરમય બની ઉજવતી ઉત્સવ એટલે વસંતોત્સવ...!!

માણસની ભીતર અજવાળું અજવાળું અનુભવાય ને ત્યારે સમજજો કે પરીક્ષાનો સમય પૂરો થઈ સારાં કર્મનો અજવાળુંસમ ફળ હવે મળવાનું શરૂ થયું છે. જેટલું ઘેરુ અંધારું એટલું જ અજવાળું વધારે ઉજળું હોવાનું. ખુશીના આંસુ કંઈ જેવાં તેવા નથી હોતાં. લાગણી ઓવરફ્લો થઈ મનરાંગણમાં હરખનું પૂર આવે ને, ત્યારે એ સહજ રેલાય છે. હર પરીક્ષામાં નાપાસ થતું બાળકની જેમ માણસ પણ નાસીપાસ થવાની તૈયારીમાં જ હોય, ને ઈશ્વર કોઈ હલેસું મોકલે અવકાશનું ત્યારે તેને પણ વસંતસમ ભાવની અનુભૂતિ થતી હશે ને..!!

"ખરી પડવાની ઘટના" કંઈ જેવી તેવી નથી. એ નવી કુપળ ફૂટવાની પ્રસુતિ પીડા હોઈ શકે...!! "ખરી પડવું" એ દરેકની નિયતિ હોય જ છે. પછી વસંતના રૂપે એક જીવન પૂરું કરી બીજો જન્મ થયો હોય, તેવી ક્ષણોને માત્ર જીવંતતાથી ઉજવવાની જ હોય." નામાંકરણ" કરવાં ન બેસાય!! ભૂતકાળના આવરણ ખંખેરી નિર્લેપ અને નિર્મળ બની જીવી શકો એ દરેક ક્ષણ એટલે આપણાં જીવનનો વસંતોત્સવ...!!

હેલી રે ઝળકતી,
મારાં શ્યામની તું જો ને...!!
વસંત ની પધરામણી,
જાણે સોળે શણગાર.....
અવસર રૂડો ને,
નૈણની વેણી તું જો ને...!!
ખીલતા ને ઉગતા એ
ભાવનો લલકાર...
ખુલ્લી આંખોના જાણે,
સપના તું જો ને...!!
પલાસના રૂપની
એ અલગારી પસવાર....